# શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA  RNI NO : MAHGUJ/2006/17870  Email ID : vagadpatrika@gmail.com  તંત્રી : ડૉ. નાગજી કેશવજી રીટા

વર્ષ : ૧૩ • અંક : ૨૫૦ • સળંગ અંક : ૩૮૪૧ • પાના : ૨૦ • સૂર્યોદય : ૭–૨૨  www.vvomahajan.org  સૂર્યાસ્ત : ૬–૨૩ • સં. ૨૦૭૬ • મહા સુદ–૦૪ • બુધવાર, તા. ૨૯ જાન્યુઆરી ૨૦૨૦

કાર્યાલય : શ્રી પરિમલ II, ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ–ઈસ્ટ, મુંબઈ–૯૭. ફોન : ૯૩૨૪૩ ૪૪૨૩૫, ૨૮૮૧૪૩૪૬, ૨૮૮૨૪૩૪૬ • શાખા : થાણા (વેસ્ટ)–૯૮૭૦૭૮૨૨૮૧  કિંમત રૂા. ૨/–


## મરણખબર

### પ્રાર્થના રાખેલ નથી



ગામ **લાકડીયાના** સ્વ.જેતીબેન રામજી ગોપાલ નિસરના પુત્ર **ગેલાભાઈ** ઉં.વ.૮૩ તા.૨૬-૧-૨૦૨૦ રવિવારના અવસાન પામેલ છે. લક્ષ્મીબેનના પતિ. મનસુખ, સ્વ.પ્રવિણ, સ્વ.ચુનીલાલના પિતા. નિર્મલા, ગીતા, જયશ્રીના સસરા. નિશીત, રોનક, બિંદીયા, હિરલ, તૃષિના દાદા. નેહલ, કાર્તિક કારીઆ, કુણાલ ફરીયા, જીત છેડાના દાદાજી સસરા. પરિધિના મોટા દાદા. ઝારા-વીરાના મોટા નાના. સ્વ.જવેરબેન, સ્વ. ચોથીબેનના ભાઈ. પ્રેમજી પુંજા, સ્વ.બાબુ પાલણ, સ્વ.કાકુ ભીમશીના કાકાઈ ભાઈ. સ્વ.જખુ હેમરાજ, સ્વ. વેલજી હેમરાજ,સ્વ.લીલાબેન,સ્વ.ગોમાબેનના ભાણેજ. આધોઈના માતુશ્રી પાલઈબેન પોપટ સામતના જમાઈ. નરશી, રતનશી, સ્વ.કુંવરજી, હિરજી, માનુબેનના બનેવી. ખેતશી ચરલાના સાઢુભાઈ. વિરજી, ડાહ્યાલાલ, નાનુબેનના મામા. સ્વ. હરખુ,મણીલાલ, અર્વિન,અંકિતના ફૂઆ. હસમુખ, મમતાના માસા. લખમશી કચરા છાડવા, નરશી વિજપાર ચરલા, માડણ ગુણશી ચરલાના વેવાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. એડ્રેસ : ૬૬, ગોકુલ બિલ્ડીંગ, ભૂલેશ્વર, મુંબઈ–૪૦૦૦૦૨. ફોન નં.: 22018446. (M-0)

## સામાજીક

### કાંઠા ચોવીસી નિસર કુટુંબની નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ

ગામ પીપરાળા હાલે ગાગોદરના માતુશ્રી પાર્વતીબેન પ્રેમજી નાનજી નિસરના પૌત્ર, જયશ્રીબેન રસિક પ્રેમજી નિસરના સુપુત્ર ચિ. હિરેનના લગ્ન પ્રસંગ નિમિત્તે કાંઠા ચોવીસીના છ ગામ ગાગોદર, ઘાણીથર, પીપરાળા, નવાગામ, છોટાપર, થોરીયારી અને કાલીનામાં રહેતી અને બહારગામથી પરણીને આ છ ગામમાં આવેલી નિસર કુટુંબની નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ છે. એકલી ન આવી શકનાર નિયાણી બહેનોની સાથે આવનારને પણ જમવાનું ભાવભર્યું આમંત્રણ છે. શુભ દિવસ ગુરુવાર, તા. ૩૦-૧-૨૦૨૦ના સાંજે ૬.૩૦ થી ૯.૩૦ કલાકે. શુભ સ્થળ : પાઠક કોલેજ હોલ, વાકોલા બ્રીજની બાજુમાં, વાકોલા પોલીસ સ્ટેશનની બાજુમાં, વાકોલા, સાંતાક્રુઝ (ઈસ્ટ) મુંબઈ–૯૮. લિ. માતુશ્રી પાર્વતીબેન પ્રેમજી નાનજી નિસર પરિવાર–9320026201 / 9820178888.

(M-3478-C)

## શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન

### વાગડના વતની તરીકે ગૌરવ લઈ શકીએ તેવા આનંદના બે નિર્માણોને વધાવીએ

૨૬મી જાન્યુઆરીએ વ્હાલા વતન વાગડની મુલાકાતનો અવસર મળ્યો અને એ મુલાકાત દરમ્યાન આપણા સૌના હૈયે હરખ આવે અને આપણે સૌ ગૌરવ અનુભવીએ એવા ભવ્ય અને ઐતિહાસીક **નમસ્કાર મહાતીર્થ**ના દર્શનનો લાભ મળ્યો.

કચ્છના મુખ્ય હાઈવે માર્ગ ઉપર રામદેવપીરના મંદિરની બાજુમાં વોંધ ગામે આ ભવ્ય તીર્થ નિર્માણ થયું છે એટલે કચ્છ-વાગડ આવતા-જતા દરેક યાત્રીકને આ તીર્થની મુલાકાત લેવાનું આકર્ષણ થશે અને યોગાનુયોગ હાઈવેના બ્રીજની ઉંચાઈ અને મુખ્ય ભગવાન સીમંધર સ્વામીની પ્રતિમાની ઉંચાઈ બન્ને સમાન ઉંચાઈએ હોવાથી હાઈવે પર ઉભેલા વાહનમાંથી પણ **પૂ. સીમંધર સ્વામી**ના દર્શન થશે અને ભગવાનની પ્રભાવશાળી મુખ મુદ્રાના દર્શન તેને ચોક્કસ તીર્થ સંકુલમાં દર્શન માટે આવવા આકર્ષીત કરશે. વળી રાત્રીના સમયે મંદિરના પગથીયા અંદરની લાઈટના કારણે શોભતા સંગેમરમર જાણે વહેતા પાણીની અનુભૂતી કરાવશે. દહેરાસરની અંદરના દરેક સ્થંભનું કોતરકામ, વિશાળ કલાત્મક ગુંબજ અને પીંક જયપુરી સ્ટોનથી બનેલા શીખરો મંદિરની શોભામાં અનેરી સુંદરતાના દર્શન કરાવે છે.

આગળ વધતા સાધુ-મહાત્માઓ માટેના ભવ્ય **શ્રી કનક-દેવેન્દ્ર-કલાપૂર્ણસૂરિ મામા-ભાણેજ આરાધના ભવન** સંત ભવન બનેલા છે જે હવા-ઉજાસને લક્ષમાં રાખી ખૂબજ શાતાકારક અને સકારાત્મક ઉર્જાની અનુભૂતી કરાવે છે જે કાયમ સંતોના વિહારમાં ખૂબજ ઉપયોગી સાબીત થશે. સામે ભવ્ય TOP-10 **અતિથી ગૃહ** બનેલું છે જે અતિથીઓ માટે ખૂબ જ ઉત્તમ સગવડો ધરાવતું આકર્ષક એલીવેશનવાળું અતિથી ભવન છે. તેનાથી આગળ સાધ્વીજી સંતો માટેનું શાતાકારક **ચંદનબાળા શ્રાવિકા ઉપાશ્રય** સંત ભવન બનેલું છે જે સાધ્વીજીઓ માટે અતી શાતાકારક ભવન સાબીત થશે અને વિહાર દરમ્યાન ત્યાં રોકાણ કરવામાં ખૂબ ઉપયોગી થશે. આગળ જમવા માટે ખૂબજ સરસ સગવડવાળું એવું જયણાપૂર્વક રસવંતી પીરશતી એવી **શ્રી શાલીભદ્ર ભોજનાલય** બનાવેલ છે જ્યાં યાત્રિકો માટે સાત્વીક ભોજનની વ્યવસ્થા થશે. આમ આખા સંકુલમાં બધે સુંદર સંગેમરમર આકર્ષક કલાત્મક પીંક સ્ટોન અને ડિઝાઈનર ફ્લોરીંગના દર્શન થશે જે અતી મનમોહક અનુભૂતી કરાવે છે.

આવા ભવ્ય અને કલાત્કમ તીર્થસ્થાન બનાવવામાં અનેક કાર્યકર્તાઓની મહેનત અને કીંમતી સમય લાગેલા હોય છે. પરંતુ મુખ્યત્વે નિર્માણ કમિટીના પાયાના પત્થર **ચાંપશીભાઈ ફુરીયા, ચંદુભાઈ સાવલા, લાલજીભાઈ કારીયા, માલશીભાઈ રીટા, મૂલચંદભાઈ ગાલા, દામજીભાઈ ગડા, અમરશીભાઈ ગાલા, વિનયભાઈ નિસર, રવજીભાઈ ગડા** વગેરે ભાઈઓની હાજરી અને મહેનત દેખાઈ આવતી હતી. તેઓ આ નિર્માણમાં તન, મન અને ધન લગાવીને ખડે પગે ઉભા હતા અને તેમાંય **શ્રી ચંદુભાઈ સાવલા** કે જેઓ મકાન નિર્માણના માહિર છે અને પ્રશંસા પાત્ર મનફરા ગામ અને મનફરા પાંજરાપોળ જેમના બેનમૂન નિર્માણની સિદ્ધિ છે તેવા ચંદુભાઈ આ નમસ્કાર મહાતીર્થના પ્લાનીંગથી માંડી નિર્માણ અને કલાત્મક સજાવટ સુધીના દરેક કામમાં તેમની સુજ, બુજ અને વિઝન દ્વારા તીર્થને ભવ્યતા બક્ષવામાં સફળ થયા છે સાથે મનફરા ગામના રતનશીભાઈ તથા તેમની ટીમ ત્યાં સારવાર અને વૈયાવચ્ચની જરૂરી સામગ્રી પુરી પાડી રહ્યા છે. આમ આ ભવ્ય નમસ્કાર તીર્થ કચ્છ-વાગડનું અદ્દ્ભૂત તીર્થ બની ગયું છે. તેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહેવાનો અમૂલ્ય અવસરનો લ્હાવો માણવા જેવો છે અને સાથે સાથે **પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કલાપ્રભસૂરિશ્વરજી મ.સા., શ્રીમદ્ વિજય કલ્પતરુસૂરિશ્વરજી મ.સા., પૂ. આચાર્ય કુમુદચંદ્રસૂરિશ્વરજી મ.સા.** તેમજ **પૂ. પૂર્ણચંદ્રસૂરિશ્વરજી મ.સા.** તેમજ અન્ય વિશાળ સાધુ-સાધ્વીજીઓના દર્શન-વાણીનો લાભ પણ મળશે. આ ભવ્ય નમસ્કાર તીર્થના નિર્માણ માટે તન-મન-ધનથી સેવા આપનાર દરેક કાર્યકરો તેમજ દાતાશ્રીઓને ખૂબ ખૂબ હૃદયપૂર્વકના ધન્યવાદ અને અભિનંદન આપીએ છીએ.

કચ્છ-વાગડ પ્રદેશે, નવનિર્મિત **શ્રી નમસ્કાર તીર્થ** પ્રાચિન કલા અને આધુનિકતાનો સંગમ કરીને બનાવવામાં આવેલ એક ભવ્યાતીભવ્ય તીર્થ તરીકે આપણાં કચ્છ-વાગડને ગૌરવ અપાવનાર છે. આવા ગૌરવશાળી તીર્થનું આપણી ધન્ય ધરા પર નિર્માણ એ આવનાર વર્ષોમાં આપણા વંશજોને પણ આપણી માતૃભૂમિ તરફ આકર્ષશે. આધુનીક વિચાર સરણીની સાથે ધર્મનો સમન્વય આપણી યુવાપેઢીને બતાવી આપણી મહાન સંસ્કૃતિ અને સંસ્કાર સંચરાશે. માદરે-વતન આવતા-જતા પોતાના પરિવાર સહીત આ મહાતીર્થની મુલાકાત અવશ્ય લેશો. આપણી માતૃભૂમિને એક ઐતિહાસીક ધરોહર આપવા બદલ આ મહાતીર્થના પ્રેરણાસ્ત્રોત એવા **પૂ.આ.ભ.શ્રી વિજય કલાપ્રભસૂરિશ્વરજી મ.સા.** અને તેમની આજ્ઞાને શીરોદ્ધાર કરી આ મહાતીર્થ માટે તન-મન-ધનથી દિવસ-રાત જોયા વગર સમય આપનાર એવા સર્વે દાતાશ્રીઓ અને શ્રાવકોનો ખૂબ ખૂબ અભિવાદન...

**લિ. ડૉ. નાગજી કેશવજી રીટા-પ્રમુખ**
**શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન**

M-0

### ગુણાનુવાદ સભા

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાના શાંત રસમય મુખ દર્શન તેમજ અંતરના કરુણા ભાવનામય બે બોલ પણ એવા પ્રભાવશાળી હતા કે-ગમે તેવા મનના ઉચાટોને ઉકળાટોને શાંત પાડવા સમર્થ બનતા. આવા ઉચ્ચ આધ્યાત્મિક યોગીની ૧૮મી સ્વર્ગારોહણ તિથિ મહા સુદ-૪ તારીખ ૨૯-૧-૨૦૨૦ ને બુધવારના છે. આ પ્રસંગે પ.પૂ. આચાર્યદેવ આનંદવર્ધનસૂરીશ્વરજી મ.સાહેબ તેમજ પ.પૂ.આચાર્યદેવ આત્મદર્શનસૂરીશ્વરજી મ.સાહેબની શુભ નિશ્રામાં સવારે ૯:૦૦ કલાકે વ્યાખ્યાન દરમ્યાન ગુણાનુવાદ સભાનું આયોજન કરેલું છે. **સ્થળ :** શ્રી લબ્ધિનિધાન જૈન સંઘ શાંતિનાથ જૈન દેરાસર રત્નત્રયી વાટિકા, જીતેન્દ્ર રોડ, મલાડ (ઈસ્ટ) દરેકને મોટી સંખ્યામાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે. લિ. વાગડ સમાજના ગુરુભક્તો. (M-3820)

### તાડદેવ છાડવા ઉપાશ્રયમાં સંત-સતીજીની પધરામણી

લીંબડી અજરામર સંપ્રદાયના શાસન ચંદ્રિકા પૂ. ઉજ્જવળકુમારી મ.સ.ના સુશિષ્યા પ.પૂ. પ્રવિણાબાઈ મ.સ. આદિ ઠાણા-૩, આજ રોજ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-તાડદેવ સંચાલિત માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધર્મસ્થાનક તાડદેવમાં પધાર્યા છે. આઠથી દસ દિવસની સ્થિરતાના ભાવ છે. દર્શન-વાણીનો લાભ લેવા વિનતી. લિ. મંત્રીઓ. (M-3819)

### ઘાણીથરથી છસરા પગપાળા સંઘ(મંડળ,મુંબઈ) કીડીને કણ અને હાથીને મણ

વાવેલા ધન-ધાન ઉગી સરે, દીધેલા દ્રવ્ય-દાન અચૂક ફળે, અબોલા જીવની જેથી આંતરડી ઠરે, દેનારને તેથી સુખ શાંતી મળે. ઘાણીથરથી છસરા પગપાળા સંઘ દ્વારા છેલ્લા ૨૧ વર્ષથી પગપાળા જે રસ્તા પરથી જાય છે એ રસ્તાની બંને બાજુ છેક છસરા ધામ સુધી કીડીયારો પૂરતા જઈએ છીએ અને જીવદયા માટે પણ કાર્ય કરે છે. ૨૨ માં વર્ષે પણ જેમણે પણ કીડીયારા-જીવદયામાં ફાળો આપવાનો હોય તેમણે નીચે જણાવેલ નંબર ઉપર ફોન કરીને વહેલી તકે નામ લખાવી દેવા વિનંતી. સંપર્ક : રમેશ નાનજી ગાલા-9820931204, દિનેશ રણધીર ગાલા-9594707387, અનિલ હેમરાજ ગાલા-9833448754. દેવરામદાદાની પહેડીના દાતા આવકાર્ય છે. વધુ વિગત માટે સંપર્ક : શ્રી મુકેશ ગોવર ગાલા-મો.: 9821814451.(M-3817-A)

### પહેડી... પહેડી... પહેડી... વધાણ કુળના અંબેમાની પહેડી...

સુજ્ઞ ભાઈઓ/બહેનો ખુશાલી સાથે જણાવવાનું કે દર વર્ષ પ્રમાણે આ વર્ષે પણ આપણા કુળદેવી શ્રી અંબેમાની પહેડી તા. ૨૪-૫-૨૦૨૦ રવિવારના સમય ૪ થી ૧૦ સુધી કાંતી વિસરીયા હોલ થાણામાં નક્કી થયેલ છે. માંની ભક્તિ આરતીનો લાભ લેવા તથા પ્રસાદરૂપી ભોજનનો લાભ લેવા વિનંતી. આ વર્ષની પહેડીના દાતા ઉર્મિલાબેન દામજી જેઠા વધાણ પરિવાર (ગામ રવ-થાણા) લીધેલ છે. દાતા પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ. સુવઈ તથા આધોઈ માંડલે નમતા ગોઠિયા ભાઈઓ તથા બહેનો, નિયાણી બહેનો તથા જમાઈરાજાઓને માતાજીની પહેડીમાં પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. લિ. મોટી વાગડ વધાણ મિત્ર મંડળ. પત્રિકા સૌજન્ય : માતુશ્રી હિરૂબેન લખમશી મુરજી વધાણ-સુવઈ-ચીરાબઝાર. (T-791)

## ધંધાદારી

### બિલ્ડીંગ રિપેરીંગ

ડૉ. ફિક્સીટ એન્ડ એશીયન પેન્ટ ઓથોરાઈસ એપ્લીકેટર ટેરેસ વોટર પ્રૂફીંગ, બિલ્ડીંગ આઉટ સાઈડ વોટર પ્રૂફીંગ વિથ પેન્ટીંગ, છઝીયા વોટર પ્રૂફીંગ, વોટર ટેગ વોટર પ્રૂફીંગ વ્યાજબી ભાવમાં કામ કરી આપશું. ગેરેંટી સાથે - 9987414990 9987414707. (M-3811-A)

### દેશ વિદેશ કુરિયર 24*7

Documents Medicine, કુરીયર, ખાવા-પીવાની ચીજવસ્તુઓ UK, USA, Australia મોકલવા અનુજ સંગોઈ - ફોન : 8879991866 - PAC N DELIVER. (M-3775-B)

### ફરસાણ Express @ 144

બિકાનેરી ભુજીયા, મુરુક્કુ, (નાયલોન, નીંબુ મરી, તીખી) સેવ, ભાવનગરી ગાંઠિયા, (મંચુરિયન, સોયા,સેઝવાન) Stick (પંચરત્ન,નવરત્ન,જૈન, મહાલક્ષ્મી) ચેવડો, (મસાલા સોલ્ટેડ) બુંદી, ભાખરવડી,મિની સમોસા જેવી અનેક વરાઈટી ફક્ત 144 Per Kg ડિલીવરી Anywhere in Mumbai, India & World. અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન/WHATS APP કરો Vaccum Packing & COD Service Available. Worldwide Payment Accepted. Buy online at WWW.BURGUNDYRETAIL.COM BURGUNDY RETAIL T-48932228, 8879991866 burgundyretail@gmail.com PEOPLE's RETAIL. (M-3815-B)

### શું તમને ''ચક્કર (Vertigo)'' આવે છે?

તેમજ ચાલતા-ચાલતા ચક્કર આવે છે? શરીરમાં નબળાઈ લાગે છે/માથું દુખે છે... તો આજે જ અમારા બોરીવલી (ઈસ્ટ)ના ક્લિનીકમાં મળો અને ચક્કરની બિમારીમાંથી મુક્તી મેળવો... સંપર્ક : RTKL Vertigo & Clinic, ડૉ. નેહા (MS-ENT) ફેમસ વર્ટીગો સ્પેશ્યાલીસ્ટ-7777053057/ 9702263016 / 9820030592 / 28842050 (બોરીવલી-ઈસ્ટ) (M-3601-D)

### સ્પેશ્યલ Re-Public Day ઓફર : ફક્ત તા.૨૨ થી ૨૯ જાન્યુ. માટે

જાણીતા 'લોરીયલ્સ'ના હેર-સ્કીન-મેકઅપ-બ્યુટીના પ્રોફેશનલ એકેડેમી કોર્સ ઉપર : સ્પે. ૫૦%નું ડિસ્કાઉન્ટ એડમીશન ઉપર... બજાજ ફાઈનાન્સ દ્વારા પેમેન્ટમાં હપ્તાની (EMI) સુવિધા (૧૦૦% જોબની ગેરેંટી - ફક્ત લેડીઝ માટે) * બ્રાન્ચ : અંધેરીથી દહીંસર. સંપર્ક : Radiance Academy-28876360 / 9820030592 / 9833868803. (M-3602-D)

### ગોરેગાંવ (વેસ્ટ)

ઉન્નતનગર ૩,૩૦૦' મ્હાડા બંગલો વેચવો છે. વેલમેન્ટેન્ડ, ગ્રાઉન્ડ+૧, કોર્નર પ્લોટ, ક્લીઅર ટાઈટલ, કાર પાર્ક. એમ.જી.રોડ, વાસુપૂજ્ય દેરાસરથી ૫ મિનિટ. સ્ટેશનથી ચાલતા ૧૫ મિનિટ. ઉપાશ્રય, સ્થાનક, ધાર્મિક કે સેવાભાવી સંસ્થાને પ્રથમ પસંદગી. ઈન્સ્ટિટ્યૂટ, નર્સરી, હોસ્પિટલ, ગારમેન્ટ્સ, Coaching Classes આદિ માટે ઉત્તમ અથવા લકઝરી બંગલા તરીકે. સંપર્ક/ વોટ્સએપઃ સુરેશ શેઠ-9930296222 / 9987152994, હિરાલાલ જૈન-9821232818 (C-329-C)

### DADAR WEST FOR SALE

325 +325, Bhawani Shankar Road, Near Bhoomi Plaza, Ideal for Garment Accessari, Angadia, Doctor Lab, Road Facing, Gr. Floor, Contact : 9324797668 (D-587-A)

### પિમ્પલ્સ, કાળા ડાઘ, ખાડા, ડાર્ક સર્કલ, મસાથી મુક્તી લાવણ્યમયી ગોરી ત્વચા

રજીસ્ટ્રેશન-૧૫૦, ૨૮/૧, ૨૯/૧ મંગળ, બુધ. દિયા હેલ્થ કેર - ૧૦૨, બિલેશ્વર ટાવર, અતુલ ઈલેક્ટ્રોનિક્સની ઉપર, પાંચ રસ્તા જંક્શન, મુલુંડ (વે), ડૉ.વીણા સવારેઃ ૯-૧, સાંજે : ૪-૭. 022-25901085 / 9820748840 (M-3673-E)

### અભિનંદન ટૂર

કાશ્મીર પેકેજ : ૭ રાત ૮ દિવસ અને ૮ રાત ૯ દિવસ ગુલમર્ગ, શ્રીનગર, સોનમર્ગ, પહેલગામ, ધૃતપત્રી સાથે લેઝર શો, બધા સાઈડ સીન સાથે માર્ચ ૨૩ થી ૩૦મા ૧૦ સીટ બાકી. એપ્રિલ ૧, ૧૭, ૨૫, મે મા ૪, ૧૨, ૨૦ (૧લી મે મા ૧૦ સીટ બાકી) સ્વતંત્ર રસોડો સાથે. સંપર્ક : સરલા સાવલા-9821177633/ 9821158644. હેતલ સાવલા-9004996495. (M-3613-E)

### MOKKSH - માટુંગા
### લગ્નસરાની જ્વેલરીનું અદ્ભૂત કલેક્શન

અમારા કુશળ કારીગરો દ્વારા બનાવેલા સોનાના તથા સાચા હીરાના દાગીનાની અદ્ભૂત શ્રેણી : ● જૂના સોનાની સારી કિંમત મેળવો (કેરેટ પ્રમાણે) ● ભાવ વધઘટની રાહ જોવાય નહીં - GOLD IS FOREVER ● ભાવ તથા પ્યોરીટીનો વિશ્વાસ અમારી પરંપરા ● MOKKSH, એફ/૪, શ્રીરંગ બિલ્ડીંગ, ૩૫૧, ચંદાવરકર રોડ, રામવાડીની સામે, માટુંગા (સેં.રે.) મું.-૧૯. ફોન : 24185666 / 24185667 મો.: 9819087155. (D-580-A)

### હોટલ નીતા ''શાંતિ વીલા'' (મહાબળેશ્વર)

કુદરતના ખોળે સૌંદર્યના ખજાના સમા મહાબળેશ્વરમાં એસ.ટી.સ્ટેન્ડથી ફક્ત ૬૦ સેકન્ડના અંતરે સનસેટ અને સનરાઈઝ વીથ કોફી શોપ, ગાર્ડન રેસ્ટોરંટ, AC / Non AC રૂમો, કોટેજ, AC ડુપ્લેક્સ વિલા, સ્વિમીંગ પૂલ વીથ વોટર સ્લાઈડ અને ફોલ્સ, ચિલ્ડ્રન્સ એમ્યુઝમેન્ટ પાર્ક, ગેમ્સ, અને સારામાં સારું પંજાબી, સાઉથ ઈંડિયન, ચાઈનીઝ, ફાસ્ટ ફૂડ અને પ્યોર ગુજરાતી અને જૈન ફૂડની મજા માણો. બોરીવલી 28919125 / 28956548 / 28927756. (M-3818)

### હેઝલ ટૂર : અકલ્પનીય ભાવે
### હરો, ફરો, મોજ કરો... મસ્ત રહો...

● લેહ લદાખ : શ્રીનગર, કારગીલ, લેહ, પેંગોંગ લેક, નુબ્રાવેલી દિ.૮ ● કાશ્મીર : ગુલમર્ગ, પહેલગામ, સોનમર્ગ, શ્રીનગર દિ.૯ ● નેપાલ : કાઠમંડુ, ચીત્તવન, પોખરા, લુંબીની દિ.૧૦ ● કિન્નૌર-સ્પીતી : નારખંડા, ચીત્તકુલ, સાંગલા, કલ્પા, કાઝા દિ.૧૦ ● વૈષ્ણોદેવી કાશ્મીર : કતરા, પટનીટોપ, જમ્મુ દિ.૧૧ ● મનાલી-લેહ : ચંદીગઢ, જીસ્પા, લદાખ દિ.૧૧ ● કિન્નૌર-લાહુલ-સ્પીતી વિથ ચંદ્રતાલ લેક દિ.૧૧ ● બધા જ ભોજન, બધા જ સાઈટસીઈંગ, અનુભવી ટૂર મેનેજર ● સં.: હેઝલ ટૂર : ખાર : શીતલ-9324333246, બોરીવલી : કેવીન-8976712838 / 7303994272, ડોંબીવલી : કેવલ નાગડા-9773803221. (D-583-A)

### બોરીવલી હોલસેલ ધંધા માટે દુકાન

બોરીવલી સ્ટેશન ટચ કોઈ પણ હોલસેલના ધંધા માટે ઉત્તમ દુકાન ભાડે આપવી છે. ૧૫૦ ફૂટ, બોરીવલી સબ-વે, ગોહિલ શોપિંગ અને સ્ટેશનની વચ્ચે. કલ્પેશ ગાલા-9820440775. (M-3802-B)

### વેરીકોઝ વેઈન : થોડું વધુ જાણો : ડૉ. દેઢિયા

તકલીફ નથી, એટલે સારવાર ન કરાવવી, યોગ્ય નથી. રોગ ધીમે ધીમે વધી, ઘણી મોટી તકલીફો આપી શકે. જેમ કે કાળા પગ, સોજો, અલ્સર, ખરજવુ, વેઈનમાં બ્લડ Clot, DVT, હાથીપગ માટે વહેલી તકે લેઝર કરો. 7977587798 (M-3512-F)

### Montessori ECCE - Govt. Regd. Diploma & PG Diploma

Job Oriented Teacher's Training Courses. Get 5 times more Well-Paid jobs in reputable State / IB Borard / ICSE / CBSE Schools across the globe or start your own preschool. Regular / Sat / Sunday Batches /Correspondence - Online (Along With Practical Training). Admissions on for New Batches. www.teachertrainingmumbai.com Vidhyanidhi Education Society-Borivali Station (West) 28945954 / 5538. (M-3399-H)

### "INVESTMENT HOUSE" દરેક કંપનીના 'શેરો' ખરીદશું

દરેક કંપનીના
ડીમેટ / ફીઝીકલ
લીસ્ટેડ / ડીલીસ્ટેડ શેરો
ખરીદશું તથા શેરના કોઈપણ
પ્રોબ્લેમ માટે સર્વિસ આપીશું...

સંપર્ક - મનીષભાઈ
(કાંદિવલી-વેસ્ટ)

2805 4730 / 2805 5719 / 2866 1092
96193 15362
Email : investmenth07@rediffmail.com

### શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન દ્વારા
### અંતિમ યાત્રા માટેની SMS સેવા બાબત

ઘણા જ્ઞાતિજનોએ હજી મોબાઈલ નંબર રજીસ્ટ્રેશન કરાવ્યા નથી માટે અંતિમ યાત્રાના SMS એમના મોબાઈલમાં આવતા નથી. આપશ્રીને અંતિમ યાત્રાનો મેસેજ મળે તે માટે 022-6181 6048 નંબર પર મીસ કોલ કરી રજીસ્ટ્રેશન કરાવવા નમ્ર વિનંતી.

વિશેષ નોંધ : અંતિમ યાત્રાનો મેસેજ જ્ઞાતિજનોને મોકલવા માટે સંપર્ક નંબર-૯૮૨૧૧ ૩૯૯૦૯ નો સંપર્ક કરવા વિનંતી. સવારે ૭ થી રાતના ૧૦ સુધી

# વેવાઈશ્રીને અશ્રુભીની શ્રદ્ધાંજલિ...



ગામ : લાકડીયા
મુંબઈ : ભૂલેશ્વર

-: અરિહંત શરણ :-
રવિવાર,
તા. ૨૬.૦૧.૨૦૨૦

## વેવાઈશ્રી ગેલાભાઈ રામજી નિસર

સંસ્કાર સભર જિંદાદિલ જીવન જીવી,
ધુપસળીની માફક પોતે બળીને સુગંધ અર્પણ કરનાર,
ધીર, ગંભીર, સદાચારી સાર્થક જીવન જીવનાર તેમજ
સાદગી, સરળતા અને સંસ્કાર પુરૂષ તરીકે સદાબહાર જીવન જીવનાર,
આદરણીય વેવાઈશ્રીના દિવ્ય આત્માને નતમસ્તકે વંદન સાથે ભાવભીની શ્રધ્ધાંજલિ...

### શ્રધ્ધાંજલિ અર્પણ કરતા વેવાઈ પરિવાર

અ.સૌ. રંજનબેન નવીનભાઈ વણવીર ફરીયા – આધોઈ
અ.સૌ. હીરલ કુણાલ નવીન ફરીયા
અ.સૌ. સાવિત્રીબેન જયંતીલાલ બાબુભાઈ છેડા – લાકડીયા
અ.સૌ. ભારતીબેન અજીતભાઈ જયંતીલાલ છેડા
અ.સૌ. તૃપ્તી જીત અજીતભાઈ છેડા

DM-1456

# અશ્રુભીની શ્રધ્ધાંજલિ...

## હેત-પ્રિત, આદર, સ્નેહ અને વાત્સલ્યના પંચ ગુણો ધરાવનાર

ગામ :
લાકડીયા,
ઉંમર વર્ષ: ૮૩



સ્વર્ગવાસ :
રવિવાર
૨૬/૦૧/૨૦૨૦
ભુલેશ્વર - મુંબઈ

# સ્વ. ગેલાભાઈ રામજી ગોપાલ નીસર

અમારા જીવનમાં ઘડતળ ઘડનાર શિલ્પીકાર શેઠ તરીકે - ગુરૂ તરીકે - પિતા તુલ્ય (બનેવી) તરીકે અમોને સીડીથી ના એક - એક પગથીયા ચડાવનાર અને તન-મન-અને ધનથી સીડી થી ટોચની પાયરી સુધી ચડાવનાર અમારા ગડા પરિવારના મોભી (જમાઈ - બનેવી) ને શ્રધ્ધાંજલિ અપ્રણે કરતા અમારી કલમ પણ અટકી જાય છે કે ક્યા શબ્દોમાં એમના અહેસાન નો એમના જીવન દરમ્યાન અમારા પરવાર ઉપર કેટલો પ્રેમનો દરીયો વરસાવેલો હતો...

**ક્યારેય ન આવી તમારા સ્નેહની ઓટ, પણ હવે સદાય વર્તાશે અમારા પરિવારને તમારી હમેશા ખોટ...**

### શ્રધ્ધાંજલિ સુમન અર્પણ કરતા

**માતુશ્રી પાલઈબેન પોપટલાલ સામત ગડા પરિવાર (આધોઈ)**

સાળા - સાળાવેલી : હીમાબેન નરશી પોપટલાલ ગડા (આધોઈ)

સાળા - સાળાવેલી : રમીલાબેન રતનશી પોપટલાલ ગડા (આધોઈ)

સાળા - સાળાવેલી : દિવાળીબેન કુંવરજી પોપટલાલ ગડા (આધોઈ)

સાળા - સાળાવેલી : મંજુલાબેન હીરજી પોપટલાલ ગડા (આધોઈ)

**સાળી - સાઢુભાઈ : માનુબેન ખેતશી મેઘજી ચરલા (આધોઈ)**

### સ્ટાફગણની શ્રધ્ધાંજલિ

દિલેરી : ગોરેગામ વેસ્ટ

કીમાયરા કીયેશન : ગોરેગામ વેસ્ટ

લોલીપોપ : ગોરેગામ વેસ્ટ

અશ્વિન પેપર સ્ટોર્સ : મુંબઈ - ૨

પરી ડિઝાઇનર સ્ટુડીઓ : મુંબઈ - ૨

DM-1457

॥ જય શ્રી પાબુદાદા ॥

# ગામ લાકડીયા મધ્યે કોઝાણીવાળા વાસમાં બીરાજતા શ્રી પાબુદાદાને નમતા ગડા ગોઠીયા પરિવારો તથા નિયાણી બહેનો જોગ

## શ્રી પાબુદાદાની... પહેડી

જય પાબુદાદા જેમના સ્મરણ માત્રથી વિઘ્નો ટળી જાય અને દર્શનથી જીવન મંગલમય બની જાય એવા પ્રાતઃ સ્મરણીય શ્રી પાબુદાદાની પહેડીમાં સર્વે ગોઠીયા ભાઈઓને તેમજ નિયાણી બહેનો અને જમાઈઓને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.



### અમૂલ્ય લ્હાવો લેનાર દાતાશ્રી

માતુશ્રી મણીબેન મેઘજી કુંવરજી ગડા
હસ્તે રીટા ધીરજ ગડા,
જીગ્ના દિપક ગડા, વંદના મહેન્દ્ર ગડા પરિવાર
(ગામ : ભચાઉ - નવાગામ)





અ.સૌ. રીટા ધીરજ મેઘજી ગડા

ધન્ય ધરા કચ્છની,
ધન્ય છે ભચાઉ – નવાગામ,
ધન્ય બને સર્વે ભાવિકો,
જેમના હૃદયે પાબુદાદાનું નામ...



અ.સૌ. વંદના મહેન્દ્ર મેઘજી ગડા

### શુભ દિવસ

મહા સુદ અગિયારસ,
મંગળવાર, તા. ૦૪.૦૨.૨૦૨૦
સવારે ૯.૦૦ કલાકેથી



અ.સૌ. જીગ્ના દિપક મેઘજી ગડા

### શુભ સ્થળ

કોઝાણી વાસ, લાકડીયા



અ.સૌ. મીના સૂર્યકાંત વેલજી ગોગરી

### મંગલ કાર્યક્રમની રુપરેખા

- ૯.૦૦ કલાકે દાદાની પધરામણી તેમજ સ્થાપના
- ૧૧.૦૦ કલાકે દાદાની મહાઆરતી
- ૧.૦૦ કલાકે દાતાશ્રીનું સન્માન
- ૧૧ થી ૨ કલાકે દાદાનો મહાપ્રસાદ

હરખે છે હૈયું ને મલકે છે મન... દાદાની પહેડીમાં પધારજો સહુ જન...

M-3801

લિ. શ્રી ગડા પાચાણી પરિવાર ભાવિક મંડળ

# શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન પ્રેરીત

**WOW CREATION** દ્વારા આયોજીત

**WOW! CREATION**
**Women Of The Wagad**

## WOW CREATION લાવી રહ્યું છે,

### ૨૦૨૦નું પહેલુ પગથીયું, કાંઈક નવું અને આકર્ષિત.

### સંગીત પ્રેમીઓમાટે અને અંગ્રેજીનું જ્ઞાન મેળવવા તત્પર મહિલાઓ માટે સુવર્ણ તક

માનવ શાહ જે આંખોથી દિવ્યાંગ છે પરંતુ સંગીતના ક્ષેત્રમાં ઉત્તરોતર પ્રગતીના પગથીયા સર કરી રહયા છે. એમના દ્વારા ગવાયેલ અને સ્ટેજ (લાઈવ) પ્રોગ્રામના વીડીયો તમે યુ-ટ્યુબ પર જોઈ શકો છો. માનવ શાહ એમના વ્યસ્ત સમયમાંથી આપણા સંગીત પ્રેમીઓ માટે સમય કાઢીને સંગીત શીખવવા તૈયાર થયા છે તેમની પાસે સંગીત શીખવું એક ગર્વની વાત છે. તેમના કલાસ (અંધેરી જે.બી. નગર)માં શરૂ કરવામાં આવશે.

આજના ટેકનીકલ યુગમાં દરેક નાની મોટી ઉંમરની વ્યક્તિઓ (ખાસ કરીને મહિલાઓ)એ સમય સાથે ટેકનોલોજીનું બેઝીક જ્ઞાન લેવું જરૂરી છે પરંતુ તેના માટે તેમને બેઝીક અંગ્રેજીનું જ્ઞાન અત્યંત જરૂરી છે તો બહેનો થઈ જાઓ તૈયાર અંગ્રેજીનું જ્ઞાન મેળવવા માટે. એની પહેલાની જાહેરાત બાદ અમારી પાસે બહુ સારા પ્રમાણમાં નામો રજીસ્ટર થયા છે હજી પણ જેમને પોતાના નામ રજીસ્ટર કરાવા હોય તેઓ નીચેના નંબર પર કોન્ટેક કરીને નામ રજીસ્ટર કરાવી દેશો.

**અંગ્રેજીના કલાસ અંધેરી (વેસ્ટ) ભરડાવાડી સ્થાનકમાં ૩ ફેબ્રુઆરી, સોમવારથી શરૂ કરવામાં આવશે.**
**વધુ વિગત માટે સંપર્ક : નીતાબેન પ્રવિણ ગડા : 99200 54111**

**WOW CREATION વતી**

જવેરબેન શાંતીલાલ કારીયા (કન્વીનર) ● ગુણવંતીબેન હસમુખ સત્રા (કન્વીનર) ● નીતાબેન પ્રવીણ ગડા (સહકન્વીનર)

**લિ. હંસાબેન પપીન ચરલા (ઉપપ્રમુખ)**

M-0

---

## "સાવલા સેલીબ્રીટી સુંદરી"

*હવા કે સાથ સાથ, ઘિઝા કે સંગ સંગ....*
*ઓ સુંદરી ચલ...*
*ચાલો ત્યારે તમારી આતુરતાનો અંત આવી ગયો છે.*

SCS નો આપણો સૌ પ્રથમ પ્રોગ્રામ 'One night stay' એક રાત્રી મુકામ 'Pavna Lake' ની ગુલાબી ઠંડીમાં ગરમા ગરમ બારબેક્યુ (BBQ) અને કેમ્પફાયરની તાપણી... મધહોશ કરતી હવામાં રમત-ગમત અને DJ ની ધમાલ....Sunset (સૂર્યાસ્ત) અને Sunrise (સૂર્યોદય) ની મજા માણવા તૈયાર થઈ જાઓ.

**Day & Date : Friday 7th Feb & Saturday- 8th Feb**
**Time : બપોરના ૧૨ કલાકેથી**

ફકત આ 'One night stay' પ્રોગ્રામમાં ગેસ્ટ આવકાર્ય. રૂા. ૨૦૦૦ ભરી 31st January શુક્રવાર સુધીમાં રજિસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી. વધુ વિગત માટે કમિટીને પર્સનલમાં મેસેજ અથવા કોલ કરવો.

| | |
|---|---|
| અનિતા – 98218 39128 | ફેની – 99677 58234 |
| ભાવિની – 98195 70077 | હસ્મિતા – 90292 22740 |
| ફાલ્ગુની – 98206 88410 | શાંતુ – 98926 85789 |

**નોંધ :** જેઓ મેમ્બર બની ગયા છે પણ હજી સુધી SCS ના વોટ્સઅપ ગ્રુપમાં એડ નથી થયા કે તેમને અમારા મેસેજ નથી મળતા તો તરત જ સંપર્ક કરો.
98195 70077

M-3867

---

## ઋણાનુબંધ ટ્રસ્ટ અને PULSE ના સહયોગથી

Hitech Diagnostic Centre

### રેડીયોલોજી અને પેથોલોજીની ૫૦% છૂટની જાહેરાત આવી અને સમાજના ભાઈઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો.

ખાસ જણાવવાનુ કે પર્લ્સના સેન્ટરોમાં ઈન હાઉસ (બ્લડ) રકતની ચેકીંગ થતી હશે
તેના પર **50% ની છૂટ** આપવામાં આવશે અને
જે સ્પેશલ ટેસ્ટ બહાર મોકલાવી કરવામાં આવે છે
તેના ઉપર 0% **થી 30% સુધીની છૂટ** આપવામાં આવશે
તેની ખાસ નોંધ લેશો.

- અમુક સેન્ટરોમાં ઘણી જ ગર્દી હોય છે તો થોડો સમય લાગશે તો શાંતી રાખવા વિનંતી.
- મેમ્બર બનાવવાનું ચાલુ છે.
- ૩ હજાર મેમ્બર થઈ ગયા છે.
- ૨ હજાર મેમ્બર બનાવવાના બાકી છે.
- વહેલો તે પહેલો ધોરણે મેમ્બર બની જશો.
- ૫ હજાર મેમ્બર બની ગયા પછી સ્કીમ બંધ કરી દેવામાં આવશે.

ટુંક સમયમાં દરેક સેન્ટરો પર એક મેનેજરનો નંબર આપવામાં આવશે એવી ગોઠવણ ચાલુ છે તેથી આ ફેસીલીટી તા. ૫ ફેબ્રુઆરી થી ચાલુ કરવામાં આવશે.



M-3822

KORA

by Nikul Mutta

એસ. વી. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ)

દિવ્યકૃપા | શ્રી આદેશ્વર દાદાને નમઃ | શ્રી સીમંધર સ્વામીને નમઃ | શ્રી મહાવીર સ્વામીને નમઃ | માર્ગદર્શક

।। શ્રી પદ્મ-જીત-હિર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-કલાપ્રભ સૂરિભ્યો નમઃ ।।



અધ્યાત્મ યોગી
આ.દે. શ્રીમદ્ વિજય
કલાપૂર્ણસૂરિશ્વરજી મ.સા.



ગચ્છનાયક
પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય
કલાપ્રભસૂરિ મ.સા.

## પરમાત્મ તત્વને હૃદય અવની પર સ્થાપન કરતો

# શ્રી નમસ્કાર મહાતીર્થ

## અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ

**: છકાય જીવ સંરક્ષક ષષ્ટમ દિવસ :**

**મહા સુદ - ૫, ગુરૂવાર, તા. ૩૦/૦૧/૨૦૨૦**

**: સવારે ૬.૦૦ કલાકે :**

જિનાલયમાં વિધિ - વિધાન

**: સવારે ૭.૦૦ કલાકે :**

મુમુક્ષુ પ્રિતીબેનની ભવ્ય વરસીદાન યાત્રા

**: સવારે ૯.૦૦ કલાકે :**

સ્ટેજ પ્રોગ્રામ : પ્રિયવંદા દાસી દ્વારા જન્મવધાઈ,
ફાઈયારૂં, નામકરણ, પાઠશાળાગમન

**: બપોરે ૨.૩૦ કલાકે :**

સ્ટેજ પ્રોગ્રામ : પ્રભુજીનો વિવાહ ઉત્સવ, મામેરૂં, જાન,
સાસુ-સસરાનું આગમન - લગ્નફેરા, દિકરીની વિદાય - રાજ્યોભિષેક,
નવલોકાંતિક દેવોની વિનંતી, ભગવાનની બહેન દ્વારા રાજતિલક

**: સાંજે ૭.૦૦ કલાકે :**

ભક્તિની ભવ્યતા સાથે રાસ - ગરબા

**: રાત્રે ૦૮:૩૦ કલાકે :**

મુમુક્ષુ પ્રિતીબેન ફોફડીયાને વિદાય સમારંભ
પ્રભુ ભક્તિ ભાવના

દરરોજ ત્રણે ટાઈમ સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

M-3821

લિ.
શ્રી નમસ્કાર તીર્થ
નિર્માણ કમિટીના
જય જિનેન્દ્ર...

**પત્રિકા સૌજન્ય**

**Sandaw Prints Pvt. Ltd.**, 87, Janmabhoomi Marg, Fort.
શ્રી ચાંપશી પુનશી ફરીયા પરિવાર (ભચાઉ)

।। શ્રી તેજશીદાદાય નમઃ ।। ।। શ્રી મોમાય માતાય નમઃ ।। ।। આઈ સકતમાતાય નમ ।।

# નિસર તેજશીદાદા પરિવાર - ખેંગારપર

## પહેડી... પહેડી... પહેડી...



દિવ્ય આશીષ
સ્વ. રવજી ભારમલ નિસર

: શુભ દિવસ :
શનીવાર, તા. ૦૮/૦૨/૨૦૨૦

: શુભ સમય :
સાંજના ૫ થી ૧૦ કલાકે

શુભ સ્થળ : તૃપ્તી બેન્કવેટ હોલ, ચોથે માળે,
એમ.એચ. હાઈસ્કુલ, શીવાજી પથ, થાણા (વેસ્ટ).



દિવ્ય આશીષ
સ્વ. દિવાળીબેન રવજી નિસર

ખેંગારપરની પાવન ધરા પર બિરાજતા આપણા આસ્થાના કેન્દ્ર અને સદાય જાગૃત ક્ષેત્રરક્ષક કુળદેવતા શ્રી તેજશીદાદાની આગામી પહેડીનો લાભ અમારા પરિવારને મળ્યો છે. થાણા મુકામે વાગડની શાન સમી પહેડી કવીન ટીના છેડા ના સુરીલા સંગાથે આ પહેડીનું આયોજન કરવામાં આવ્યું છે.

પૂ. તેજશીદાદાના તમામ ભાવિકો, નિયાણી બહેનો અને આમંત્રીત મહેમાનોને ભાવભર્યું નિમંત્રણ પાઠવતાં માતુશ્રી દિવાળીબેન રવજી ભારમલ નિસર પરિવાર હર્ષ અનુભવે છે. તેમજ આ પાવન પ્રસંગે વાગડ નિસર પરિવાર કુળદેવી ટ્રસ્ટ - ભચાઉના તમામ ટ્રસ્ટીગણ, અધીકારીગણ અને કારોબારી સભ્યોને સજોડે પધારવાનું ઉમંગ પુર્વક આમંત્રણ પાઠવીએ છીએ. અમારા આનંદમાં સહભાગી થવા અવશ્ય પધારશો.



અ.સૌ. શાંતાબેન જયંતીલાલ રવજી નિસર



અ.સૌ. બિનલબેન પરેશ જયંતીલાલ નિસર
કુ. અરવ, કુ. ડેનીલ



ગં. સ્વ. લક્ષ્મીબેન કુંવરજી જીવરાજ બોવા
(વણોઈ)



અ.સૌ. મંજુલાબેન શાંતિલાલ સતનશી છેડા
(રવ)



અ.સૌ. હેમાંગીબેન વૃશાંક પ્રવિણભાઈ ગાલા
(ત્રંબૌ) કુ. પ્રીશા, કુ. પ્રીયાંશ

### કાર્યક્રમ ની રૂપરેખા

| | |
|---|---|
| સાંજના ૫.૦૦ કલાકે | : પૂ. તેજશીદાદા, કુળદેવી મોમાયમાતા તથા આઈ સકતમાતા ની પધરામણી તથા સ્થાપના. |
| સાંજના ૬.૦૦ કલાકે | : ધૂપ, મહાઆરતી તથા થાળ અર્પણ. |
| સાંજના ૭.૦૦ કલાકે | : પહેડી આયોજન કમીટીની રજુવાત તથા દાતાશ્રીનું સન્માન |
| સાંજના ૭.૩૦ કલાકે | : પૂ. તેજશીદાદા તથા માતાજીની ભકિત અને રાસગરબાની રમઝટ |
| સાંજના ૬ થી ૧૦ કલાકે | : મહાપ્રસાદ (અલ્પાહાર) |
| સાંજના ૮.૩૦ કલાકે | : લક્કી ડ્રો તથા ઈનામ વિતરણ |

*અવસર છે રૂડો અમ આંગણીએ, હરખ છે અનેરો અમ અંતરે,*
*ઉમંગ છે અમ પરિવારના હૈયે અને આવકાર છે હૃદયથી સમસ્ત નિસર પરિવાર પહેડીમાં પધારજો...*

• તમામ ભાવિકો, નિયાણી બહેનો અને આમંત્રીત મહેમાનોને સમયસર પધારવા નમ્ર વિનંતી.
• પહેડીમાં કાળા વસ્ત્રો પહેરી આવવા નહીં. • વ્યક્તિગત સન્માન સ્વીકારવામાં આવશે નહિ.

(T-769)

ZanURI grafik : Ritesh Ramnik Nandu : 9967390250

# શ્રી કચ્છ-વાગડ લાકડીયા પાંજરાપોળ

કાર્યાલય : ગાળા નંબર-૩૧૦, કોસમોસ પ્લેટીનમ, ભવાનીશંકર રોડ, દાદર-વેસ્ટ, મુંબઈ-૨૮. ટેલિ.નં.: 2436 17 00 / 2437 88 33

## આભાર.... અભિનંદન... આભાર...



દાદી-દાદા : સોનાબેન ભાણજી લધા શાહ



-: નાની-નાના :-
નાથીબેન નેણશી રતનશી ખુથીયા



-: માતા-પિતા :-
અ.સૌ. મનીષા દિપક ભાણજી શાહ



જાગૃત દિપક શાહ

ગામ **લાકડીયા**ના
**માતુશ્રી સોનાબેન ભાણજી લધા શાહ**ની પૌત્રી અને
**અ.સૌ. મનીષા દિપક ભાણજી શાહ**ની સુપુત્રી
**ચિ. સિધ્ધિ**ના શુભ લગ્ન પ્રસંગે જીવદયા પ્રેમી,
ધર્મિષ્ઠ એવા દાનવીર દાતા શાહ પરિવાર તરફથી
**શ્રી કચ્છ વાગડ લાકડીયા પાંજરાપોળ** સંસ્થાને મસમોટી
માતબર રકમનું અનુદાન મળેલ છે.
સંસ્થા દાતા પરિવારનો દાન આપવા બદલ ખૂબ ખૂબ આભાર માને છે
અને ભૂરી ભૂરી અનુમોદના કરે છે.
દાતા પરિવારે આપેલ આ મહાન અનુદાન સંસ્થાના
**૫૨૫૦** અબોલા પશુઓ માટે મળેલ અભયદાન છે
અને અબોલા પશુઓની આંતરડી ઠારવા અર્થે કરેલ આ સદ્કાર્ય થકી
દાતા પરિવારને અબોલા પશુઓના આશિર્વાદ અને
શુભકામનાઓ પ્રાપ્ત થયેલ છે.
સંસ્થા વતી દાતા પરિવારને સુખ, સમૃધ્ધિ, યશ અને
સ્વાસ્થ્યભર્યા દિર્ઘાયુની કામના કરીએ છીએ તેમજ સામાજીક, જીવદયા,
ધાર્મિક અને અન્ય ક્ષેત્રે આવા ઉમદા કાર્યો કરવાની
પરમકૃપાળુ પરમાત્મા અગાધ શક્તિ આપે એવી કામના કરીએ છીએ.
નવજીવન શરુ કરી રહેલ નવદંપત્તિ **ચિ. સિધ્ધિ-ચિ. અક્ષય**નું
દામ્પત્યજીવન ખુશખુશાલ, સુમધુર રહે
અને તેમની દરેક ઈચ્છાઓ પરિપૂર્ણ થાય એવી સંસ્થા અને
અબોલા પશુઓ તરફતી શુભેચ્છા સહ આશિર્વાદ.




લિ. ટ્રસ્ટીમંડળ

DMC-38-F

# શ્રી મનફરા પાંજરાપોળ



**સ્વ. શાંતીલાલ મેપશી ખીરાભાઈ દેઢિયા – મનફરા**

સ્વર્ગવાસ : તા. ૨૯.૦૧.૨૦૧૯

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ ભાવભરી શ્રધ્ધાંજલિ...

**માતુશ્રી ખીમઈબેન મેપશી ખીરાભાઈ દેઢિયા - મનફરા**
**માતુશ્રી પાનુબેન શાંતીલાલ મેપશી દેઢિયા - મનફરા**
**મહાવીર શાંતીલાલ મેપશી દેઢિયા - મનફરા**

તરફથી

**સ્વ. શાંતીલાલ મેપશી ખીરાભાઈ દેઢિયા (મનફરા)ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથી (તા. ૨૯.૦૧.૨૦૨૦) નિમિત્તે ''શ્રી મનફરા પાંજરાપોળ''માં આશ્રિત ૩૧૫૨ અબોલા જીવોના** નિભાવ માટે ૧ દિવસના ઘાસચારાની રકમ રૂા. ૫૪,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે. દેઢિયા પરિવાર દ્વારા ઉદારતાપૂર્વક અપાયેલ અનુદાનનો સંસ્થા આભારપૂર્વક સ્વીકાર કરે છે. દેઢિયા પરિવારમાં હંમેશા સુખ, શાંતી અને સમૃદ્ધિ જળવાઈ રહે અને સદ્‌ગત શાંતીલાલ (ભીખુભાઈ)નો આત્મા વહેલી તકે શાશ્વત સુખની પ્રાપ્તિ કરે એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

**લિ. ટ્રસ્ટીઓ : ''જીવદયા એ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે'**



**પત્રિકા સૌજન્ય**

**માતુશ્રી પાનબાઈ કલ્યાણજી વીરજી સાવલા પરિવાર**

**દિપ્તી બિલ્ડર્સ (દાદર-મુંબઈ)**



DMC-40-AL

# શ્રી મનફરા પાંજરાપોળ

## ઉદારતાપૂર્વક અપાયેલ અનુદાનની અંતરથી અનુમોદના



**શ્રી વિશલમાતા ગાલા ભાવિક મંડળ – ભરૂડીયા**

તરફથી

વિશલમાતાજીની પહેડી નિમિત્તે ''શ્રી મનફરા પાંજરાપોળ''માં આશ્રિત ૩૧૫૨ અબોલા જીવોના નિભાવ માટે ૧ દિવસના ઘાસચારાની રકમ રૂા. ૫૪,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે. ઉદારતાપૂર્વક અપાયેલ અનુદાનનો સંસ્થા સહર્ષ આભારપૂર્વક સ્વીકાર કરે છે. ''શ્રી વિશલમાતા ગાલા ભાવિક મંડળ-ભરૂડીયા''ના સભ્યોના પરિવારમાં હંમેશા સુખ–શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે અને જીવદયાના કાર્યો થતા રહે અને વિશલમાની કૃપા સદૈવ વરસતી રહે એવી શુભકામના...

**લિ. ટ્રસ્ટીઓ : ''જીવદયા એ જૈનોની કુળદેવી છે''**



**પત્રિકા સૌજન્ય**

**માતુશ્રી પાનબાઈ કલ્યાણજી વીરજી સાવલા પરિવાર**

**દિપ્તી બિલ્ડર્સ (દાદર-મુંબઈ)**



DMC-40-AK

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી અંબે માતાય નમઃ ॥ ॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ॥

# હલરા ગામે "પહેડી"નું આયોજન
# વ્હાલા ભાઈને અભિનંદન



## હલરા માંડલે પુનશી ખેરાજના આંગણે નમતા છેડા નુખના
## શ્રી અંબે માતાજીની પાવન પહેડી...



**માતુશ્રી ગૌરીબેન ડુંગરશી કરમણ છેડા પરિવાર (સામખીયારી)**
**અને અમારા ભાઈ-વહુ શ્રીમતી નીતાબેન પરેશ ડુંગરશી છેડા**
**અને ચિ. હર્ષ પરેશ છેડા તરફથી રાખવામાં આવેલ છે.**



માતુશ્રી ગૌરીબેન ડુંગરશી છેડા

**: શુભ દિવસ :**
**મહાસુદ આઠમ,**
**શનિવાર,**
**તા.૦૧/૦૨/૨૦૨૦**



અ.સૌ. નીતાબેન પરેશ ડુંગરશી છેડા, ચિ. હર્ષ

ઈંતેજાર હતો જે ઘડીનો, તે ઘડી આવી ગઈ,
થઈ સિંહ ઉપર સવાર, માતા આવી ગઈ,
થશે હવે **પરેશ-નીતાના**
મનની બધી મુરાદ પૂરી,
એ ઘડી આવી ગઈ.



અ.સૌ. કેજલ દિનેશ સીંઘ



અ.સૌ. મિત્તલ ગૌરવ છેડા



પ્રશાંત ધીરજ ગડા



અ.સૌ. શાંતી ધીરજ ડુંગરશી છેડા



ધ્રુવ ગૌરવ છેડા

**ભાઈના ઘરે ખૂશીઓના તોરણ ઝૂલતા રહે**
**એવા આર્શિવાદ વરસાવતા ભાઈના પરિવાર તરફથી શુભેચ્છાઓ...**

M-3816

# ટાટા મુંબઈ મેરેથોન ૨૦૨૦

★ શુભેચ્છક દાતા ★

**M/s. Selection Centre Sports (શ્રી હિતેન્દ્ર કેશવજી સાવલા-મનફરા)**

SCS SELECTION CENTRE SPORTS

## ❖ ફુલ મેરેથોન (MALE) - 42.2 KM ❖

| ક્રમ | નામ | ઉંમર | ગામ | સંપૂર્ણ ટાઈમ |
|---|---|---|---|---|
| ૧. | શિવજી કરસન ગાલા (Arch.) | ૪૯ | લાકડીયા | ૪:૧૪:૪૫ |
| ૨. | ધીરજ શામજી હેડિયા (પેસર) | ૫૩ | મનફરા | ૪:૧૯:૩૪ |
| ૩. | હાર્દિક ધનજી ગાલા | ૩૩ | લાકડીયા | ૪:૨૪:૪૩ |
| ૪. | રોહિત નેણશી નંદુ | ૩૫ | કકરવા | ૪:૩૧:૪૯ |
| ૫. | રાજેશ કાનજી છેડા | ૪૮ | ભચાઉ | ૪:૫૮:૨૫ |
| ૬. | સાગર અરવિંદ ગડા | ૩૩ | આધોઈ | ૫:૨૮:૧૮ |
| ૭. | પંકજ પ્રવિણ શાહ | ૩૭ | ખારોઈ | ૫:૩૦:૩૮ |
| ૮. | વિનીત લક્ષ્મીકાંત ડાઘા/શાહ | ૨૮ | આધોઈ | ૫:૩૬:૪૭ |
| ૯. | હિતેશ કરમશી છેડા | ૪૩ | લાકડીયા | ૫:૫૨:૫૧ |
| ૧૦. | દિપેશ જીવરાજ ગીંદરા | ૩૯ | આધોઈ | ૬:૦૬:૧૭ |
| ૧૧. | ભાવેશ પ્રફુલ છેડા | ૩૬ | ભચાઉ | ૬:૨૧:૫૨ |
| ૧૨. | ભરત કરમશી છેડા | ૪૭ | લાકડીયા | ૬:૨૬:૨૩ |
| ૧૩. | લિતેશ કોરશી ગડા (CA) | ૩૭ | ભચાઉ | ૬:૪૨:૪૪ |
| ૧૪. | રક્ષિત દિલીપ સાવલા | ૨૪ | મનફરા | ૭:૦૦:૧૨ |
| ૧૫. | લેનવિન ખેતશી શાહ | ૨૮ | આધોઈ | ૭:૨૬:૩૦ |

## ❖ ફુલ મેરેથોન (FEMALE)- 42.2 KM ❖

| ક્રમ | નામ | ઉંમર | ગામ | સંપૂર્ણ ટાઈમ |
|---|---|---|---|---|
| ૧. | શિતલ રોહીત કારીયા | ૩૩ | મનફરા | ૪:૧૩:૨૬ |
| ૨. | અપેક્ષા વિસલ શાહ | ૩૬ | લાકડીયા | ૫:૧૪:૦૦ |
| ૩. | ચંદ્રિકા કમલેશ ખિરાણી | ૪૬ | લાકડીયા | ૫:૩૧:૦૫ |
| ૪. | તૃપ્તી જય શાહ | ૪૨ | લાકડીયા | ૫:૩૨:૪૨ |
| ૫. | સંધ્યા વિજય ગાલા | ૪૬ | હલરા | ૫:૫૫:૫૮ |

## ❖ હાફ મેરેથોન (FEMALE)- 21.1 KM ❖

| ક્રમ | નામ | ઉંમર | ગામ | સંપૂર્ણ ટાઈમ |
|---|---|---|---|---|
| ૧. | નિજલ સચીન છેડા (Dr.) | ૨૭ | લાકડીયા | ૨:૦૨:૪૪ |
| ૨. | મિત્તલ સંદીપ ગાલા | ૩૩ | લાકડીયા | ૨:૦૬:૪૫ |
| ૩. | ચૈતાલી હેતેશ ગડા | ૪૦ | લાકડીયા | ૨:૧૬:૧૨ |
| ૪. | સોનલ મીતેશ ધરોડા (ગડા) | ૩૯ | બગસરા/આધોઈ | ૨:૨૦:૧૨ |
| ૫. | સપના ચિરાગ ગાલા | ૩૪ | ત્રંબૌ | ૨:૨૩:૧૨ |
| ૬. | હીના વિપુલ ગડા | ૩૫ | ધાણીથર | ૨:૨૫:૧૧ |
| ૭. | પ્રિતી વિપીન કારીયા | ૩૮ | રવ | ૨:૨૮:૨૩ |
| ૮. | શ્રુતી ઋષભ છાપીયા (સાવલા) | ૩૦ | જામનગર/મુંબઈ | ૨:૩૩:૦૬ |
| ૯. | દિપ્તી રાજેશ ગીંદરા | ૪૦ | આધોઈ | ૨:૩૯:૩૩ |
| ૧૦. | મુક્તા શાંતીલાલ સતરા | ૫૪ | મુંબઈ | ૨:૩૯:૪૪ |
| ૧૧. | જયશ્રી સમીર સાવલા (Dr.) | ૪૭ | મુંબઈ | ૨:૪૧:૩૮ |
| ૧૨. | ભક્તી સાવલા | ૪૩ | મુંબઈ | ૨:૪૨:૪૧ |
| ૧૩. | શિતલ નિલેશ ગડા | ૩૯ | સામખીયારી | ૨:૪૩:૫૫ |
| ૧૪. | રીના ગિરીશ સાવલા | ૪૬ | ખારોઈ | ૨:૪૫:૨૦ |
| ૧૫. | ભારતી નવનીત શાહ | ૫૩ | લાકડીયા | ૩:૦૪:૪૭ |
| ૧૬. | પુષ્પા ચેતન છાડવા | ૪૩ | મુંબઈ | ૩:૨૭:૧૬ |
| ૧૭. | અંજુ કેતન છેડા | ૩૮ | ભચાઉ | ૩:૫૬:૧૪ |
| ૧૮. | લતા રતનશી છેડા (Adv.) | ૫૩ | ખારોઈ | ૪:૦૬:૫૦ |

## ❖ ચેમ્પિયન વિથ ડિસએબિલીટી ❖

| ક્રમ | નામ | ઉંમર | ગામ |
|---|---|---|---|
| ૧. | નિધી ચંપક ગડા | ૨૮ | આધોઈ |
| ૨. | ભાવના ઉમરશી છેડા | ૪૪ | લાકડીયા |

- આ વર્ષે ફુલ મેરેથોન માં વાગડ સમાજના કુલ ૨૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ૫ મહિલા અને ૧૫ પુરૂષ સ્પર્ધકો હતા.
- આ વર્ષે હાફ મેરેથોન માં વાગડ સમાજના કુલ ૫૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ૧૮ મહિલા અને ૪૧ પુરૂષ સ્પર્ધકો હતા.
- કુલ ૮૮ રનર્સમાંથી ૪૩ સ્પર્ધકો ૪૦ વર્ષની ઉપરની ઉંમરના હતા.

## ❖ હાફ મેરેથોન (MALE) - 21.1 KM ❖

| ક્રમ | નામ | ઉંમર | ગામ | સંપૂર્ણ ટાઈમ |
|---|---|---|---|---|
| ૧. | ફાલ્ગુન સુરેશ ગડા (Dr.) | ૪૫ | ગાગોદર | ૧:૫૦:૦૯ |
| ૨. | નિલેશ શાંતીલાલ છેડા | ૫૧ | ભચાઉ | ૧:૫૮:૨૫ |
| ૩. | દિપક ખીમજી ગડા | ૪૩ | લાકડીયા | ૨:૦૪:૨૮ |
| ૪. | નિતીન વાઘજી છાડવા/શાહ | ૪૭ | સામખીયારી | ૨:૦૬:૦૩ |
| ૫. | અંકિત રવજી નિસર | ૨૬ | ગાગોદર | ૨:૦૬:૧૨ |
| ૬. | કેતન મોનશી શાહ | ૫૪ | ભચાઉ | ૨:૦૯:૫૯ |
| ૭. | પરાગ કરસન નંદુ | ૪૩ | કકરવા | ૨:૧૧:૧૩ |
| ૮. | મુકેશ નેણશી છાડવા | ૫૪ | સામખીયારી | ૨:૧૧:૨૩ |
| ૯. | નવનીત ગેલાભાઈ છાડવા/શાહ | ૫૪ | લાકડીયા | ૨:૧૩:૧૫ |
| ૧૦. | પ્રકાશ રતીલાલ ડાઘા/શાહ | ૪૫ | આધોઈ | ૨:૧૩:૫૧ |
| ૧૧. | રાજ વિપુલ ગડા | ૧૮ | સામખીયારી | ૨:૧૪:૦૭ |
| ૧૨. | કિરણ નોંઘા સાવલા (CA) | ૩૦ | મનફરા | ૨:૧૯:૪૨ |
| ૧૩. | સંજય નોંઘા સાવલા | ૩૮ | મનફરા | ૨:૧૯:૫૭ |
| ૧૪. | વસનજી વિરજી કારીયા | ૫૪ | લાકડીયા | ૨:૨૨:૪૭ |
| ૧૫. | નિલેશ વેલજી ગડા | ૪૪ | લાકડીયા | ૨:૨૪:૪૦ |
| ૧૬. | રમણીક હેમશી સતરા | ૪૯ | ભરૂડીયા | ૨:૨૫:૩૪ |
| ૧૭. | ચંદ્રેશ રાયશી છેડા | ૪૦ | ભચાઉ | ૨:૨૮:૨૨ |
| ૧૮. | સતીશ ભચુભાઈ સતરા/શાહ | ૫૯ | મનફરા | ૨:૩૨:૨૯ |
| ૧૯. | અશ્વિન હરખચંદ છાડવા/શાહ | ૫૪ | ભચાઉ | ૨:૩૨:૫૬ |
| ૨૦. | કૌશલ પ્રેમજી ખુથીયા/શાહ | ૩૫ | ભચાઉ | ૨:૩૯:૦૩ |
| ૨૧. | મનીષ રામજી નંદુ/શાહ | ૩૮ | લાકડીયા | ૨:૪૦:૪૪ |
| ૨૨. | નવીન મણિલાલ ગાલા | ૪૮ | સામખીયારી | ૨:૪૧:૦૧ |
| ૨૩ | હસમુખ નાનજી ગાલા/શાહ | ૫૮ | લાકડીયા | ૨:૪૩:૪૩ |
| ૨૪. | સંજય વિનોદ સત્રા | ૪૫ | લાકડીયા | ૨:૪૪:૫૭ |
| ૨૫. | જીગ્નેશ પ્રેમજી કારીયા | ૪૧ | મનફરા | ૨:૪૬:૦૬ |
| ૨૬. | પંકીત નવીન ફરીયા | ૩૩ | મનફરા | ૨:૪૬:૨૮ |
| ૨૭. | જયંતીલાલ ધનજી નંદુ/શાહ | ૫૭ | કકરવા | ૨:૫૧:૧૫ |
| ૨૮. | સંદિપ જયંતીલાલ કારીયા | ૪૧ | ભચાઉ | ૩:૦૦:૫૩ |
| ૨૯. | ધર્મેશ ચંદુલાલ સાવલા/શાહ | ૪૦ | મનફરા | ૩:૦૨:૩૯ |
| ૩૦. | ગિરીશ ખીમજીભાઈ શાહ (Adv.) | ૪૭ | નુતન ત્રંબૌ | ૩:૦૨:૪૨ |
| ૩૧. | અમૃતલાલ લાલજી શાહ | ૬૦ | ગાગોદર | ૩:૦૫:૩૧ |
| ૩૨. | ભાવીન ધનજી ગાલા | ૪૦ | લાકડીયા | ૩:૦૮:૦૮ |
| ૩૩. | અમિત મણિલાલ ગાલા | ૪૨ | સામખીયારી | ૩:૧૦:૦૯ |
| ૩૪. | દિપેશ કિશોર ગડા | ૩૯ | લાકડીયા | ૩:૧૦:૦૯ |
| ૩૫. | જયંતીલાલ રામજી છેડા | ૬૩ | ભચાઉ | ૩:૨૧:૧૫ |
| ૩૬. | દુર્ગેશ પ્રેમજી ગાલા | ૩૫ | નંદાસર | ૩:૨૭:૫૦ |
| ૩૭. | મિલન કાંતી વિસરીયા | ૩૩ | નંદાસર | ૩:૨૭:૫૨ |
| ૩૮. | વિપીન રાયશી કારીયા | ૪૩ | રવ | ૩:૨૮:૫૯ |
| ૩૯. | સંદિપ નેણશી ગાલા | ૪૧ | ભચાઉ | ૩:૩૩:૦૪ |
| ૪૦. | મનોજ પોપટલાલ ગાલા | ૪૭ | ખારોઈ | ૩:૫૫:૦૦ |
| ૪૧. | મિતેશ દામજી છેડા (CA) | ૩૫ | ગાગોદર | ૩:૫૫:૦૮ |

## ❖ ટાઈમ્ડ - 10 KM ❖

| ક્રમ | નામ | ઉંમર | ગામ | સંપૂર્ણ ટાઈમ |
|---|---|---|---|---|
| ૧. | યાશના વિજય શાહ | ૨૧ | કકરવા | ૧:૨૭:૧૯ |
| ૨. | ભાવના અશ્વિન છાડવા | ૪૮ | ભચાઉ | ૧:૨૯:૩૫ |
| ૩. | શિતલ ચંપકલાલ છેડા | ૪૧ | લાકડીયા | ૧:૩૪:૦૨ |
| ૪. | રિંકલ શાહ | ૩૩ | ભચાઉ | ૧:૩૯:૪૦ |
| ૫. | નિતા રમણીક ગાલા | ૪૭ | ભચાઉ | ૧:૪૦:૧૭ |
| ૬. | ઉર્વશા ચંપકલાલ છેડા | ૩૫ | લાકડીયા | ૧:૫૦:૨૧ |
| ૭. | ક્રિષ્ના હેડિયા | ૩૬ | મનફરા | ૧:૫૦:૫૫ |

લિ. શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન વતી પદાધિકારીઓ, કારોબારી સભ્યો અને ભુતપૂર્વ પ્રમુખશ્રીઓ

DMC-39 Q

SVGA SCS SVGA SCS SVGA SCS SVGA SCS SVGA SCS SVGA SCS SVGA SCS SVGA

# શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન (SVGA)

એ-૦૦૧, ગુલમોહર કો.ઑપ. હા. સોસાયટી, ગ્રાઉન્ડ ફ્લોર, પી. એલ. કાલે ગુરૂજી માર્ગ,
ભંડારી કો.ઑપ. બેંકની બાજુમાં, દાદર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૮. ફોન : ૨૪૩૨ ૭૮૪૨
Email: svgaindia@gmail.com • website : www.svgaindia.org

SELECTION CENTRE SPORTS

## " હૌંસલોં કે આગે કોઈ પરદા નહી હોતા, કડે પરિશ્રમ કા કોઈ વિકલ્પ નહી હોતા. અગર દિલમેં જજબા હો કુછ કર દિખાનેકા, તો જલતે દિયે કો ભી આંધિયોં કા ડર નહી હોતા !! "

સુજ્ઞ વાગડવાસીયો,

આજથી લગભગ ૨ દાયકા પહેલા ૧૯૯૪ માં વાગડ સમાજના પુરી જુવાનીથી થનગનતા, જોશીલા, ગ્રેજ્યુએટ એવા થોડા સહૃદયથી મિત્રોએ સ્વપ્ન સેવ્યું કે આપણે તો મા સરસ્વતીની કૃપાથી અથાગ પુરૂષાર્થ વડે વિશેષ શિક્ષણની સિધ્ધીને વર્યા છીએ પરંતુ આપણા એવા કંઈક જ્ઞાતિજનો છે જેઓને ઉચ્ચ શિક્ષણની તક નથી મળતી તો આપણે એવું કાંઇક નિર્માણ કરીએ, એવું કાંઇક આયોજન કરીએ કે જેથી આપના સમાજનો, આપણી જ્ઞાતિનો દરેક-દરેક વ્યક્તિ કમ સે કમ ગ્રેજ્યુએટ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરે. આ ઉમદા હેતુથી ૧૯૯૪ માં **SVGA** ની સ્થાપના થઇ અને આજે ૨૬ વર્ષમાં **SVGA** એ સ્કુલ સ્કોલરશીપ, બુક બેંક, કાઉન્સેલીંગની ત્રિવેણી યોજના મારફત વાગડના વિદ્યાર્થીઓને સારા શિક્ષણની તક ઉભી કરી છે.

તાજેતરમાં **૧૭ મી ટાટા મુંબઇ મેરેથોન ૨૦૨૦** માં **SVGA** એ નોંધણી કરાવી હતી. જેમાં **"ભાગ વાગડ ભાગ"** શિર્ષક હેઠળ **ડ્રીમ રનની કેટેગરીમાં Promote Reading** નો ઉમદા સંદેશ આપી વાગડનું નામ મુંબઇ ની ધરતી પર રોશન કર્યુંહતું.

**Promote Reading** ના પક્ષમાં **SVGA** ના મેમ્બરો અને તેમના પરિવારજનો મળીને ૨૭ વ્યક્તિઓએ ડ્રીમ રન માં, ૨૦ વ્યક્તિઓએ ફુલ મેરેથોનમાં, ૫૯ વ્યક્તિઓએ હાફ મેરેથોનમાં, ૭ વ્યક્તિઓએ 10-K Timed કેટેગરીમાં અને ૩ વ્યક્તિઓએ ચેમ્પિયન વિથ ડિસએબેલિટી કેટેગરીમાં એમ ટોટલ ૧૧૫ વ્યક્તિઓએ પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો.

SVGA DREAM RUN PARTICIPANTES








Riddhi Champak Gada
(Champion with Disability)




Hitendra Keshavaji Savla with
SVGA President Kalpana Gindra &
Past President Jayesh Gindra




Runners of Half & Full Marathon



Bhavna Umarshi Chheda
(Champion with Disability)

### અમો આભારી છીએ

- **SVGA** આભારી છે "ભાગ વાગડ ભાગ"ના શુભેચ્છક દાતા **M/s. Selection Centre Sports** ના **શ્રી હિતેન્દ્ર કેશવજી સાવલા (મનફરા)** ના જેમણે શુભેચ્છા રૂપે જોઈતું પીઠબળ આપ્યું.
- **SVGA** આભારી છે આ તમામે તમામ પ્રતિસ્પર્ધિઓના જેમણે **SVGA** ની **Promote Reading** ઝુંબેશમાં સાથ આપ્યો.
- **SVGA** આભારી છે **કચ્છ વાગડ ખબર પત્રિકા અને ગુજરાતી મિડ-ડે ના સંચાલકો** ના જેમણે હર હંમેશની જેમ અમારા વિચારો-સંદેશાઓ-કાર્યક્રમોની જાણ ખુબજ સુંદર રીતે અનુક્રમે ખબર પત્રિકા અને ન્યૂઝ પેપરના માધ્યમ દ્વારા કરી.
- **SVGA** આભારી છે **Reliance Graphics** ના **શ્રી પ્રવિણ લખમશી ખુથીયા (ભચાઉ)** ના જેમણે અમને સુંદર હેન્ડ આઉટ તથા બેનર સમયસર બનાવી આપ્યા.

લિ. શ્રી વાગડ ગ્રેજ્યુએટ્સ એસોસિએશન વતી પદાધિકારીઓ, કમિટી મેમ્બર્સ અને આદ્ય પ્રમુખો

DMC-39 P

SVGA SCS SVGA SCS SVGA SCS SVGA SCS SVGA SCS SVGA SCS SVGA SCS SVGA



# શ્રી કૃષ્ણ મહાવીર ગૌસેવા ચેરિટેબલ ટ્રસ્ટ
# વાંઢિયા



આપે આપેલ દાન ૮૦જી મુજબ ઈન્કમટેક્સ બાદ મળશે. ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૭૩/કચ્છ

# આભાર....અનુમોદના....અભિનંદન....



પૂજ્ય કાકા : ભોજા નાંઈચા ગડા

પુજ્ય પિતાશ્રી લખમશી નાંઈચા ગડા

ગામ શીવલખાના ગડા ભોજા નાંઈચા રતનને ઘરે બીરાજતા પોરસાદાદાના નુતન મંદિર માટે સંપૂર્ણ જગ્યા સ્વ. ભોજા નાંઈચા ગડાએ અર્પણ કરેલ છે. એ નિમિત્તે **"શ્રી કૃષ્ણ મહાવીર ગૌસેવા ચેરીટેબલ ટ્રસ્ટ"**ને ૩૦૦૦/- કિલો ગાયોને ખોળ, ૧૦૦ કિલો ગોળ, ૨૦૦ કિલો કિડીયાળું અર્પણ કરેલ છે.

આપશ્રીના પરિવારે પ્રાપ્ત કરેલી ધન સંપત્તિને જીવદયાના લાભાર્થે અર્પણ કરીને લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવેલ છે. આવા ધર્મપ્રેમી, જીવદયાપ્રેમી, કરૂણા સાગર, દરિયાદિલ, દાતાશ્રી, શ્રીમતી શાંન્તીબેન પરબત લખમશી ગડા પરિવારને અભિનંદન આપતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવતા આપશ્રીના ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

રખોપા રૂડા રાખજો.... હેમ ખેમ રાખજો.....તંદુરસ્ત રાખજો. શુભં ભવતુ.....

તુલસી પંછી પીનેસે ઘટે ન સરીતાનીર, ધરમ કરે ધન ન ઘટે સહાય કરે મહાવીર

દાતા પરિવારે આપેલ માતબર રકમનું અનુદાન અબોલજીવોની આંતરડી ઠારવા અર્થે કરેલ આ સહકાર્ય થકી દાતા પરિવારને અબોલ જીવોનાં આર્શીવાદ અને શુભ કામના....

---



લિ. માતુશ્રી કરમાબેન /મુરઈબેન લખનશી ગડા
અને શ્રીમતી શાન્તીબેન પરબત લખમશી ગડા



DM-1453

રૂપશી કરસન ગડા (ગેલાણી) - ભચાઉ, મો.: ૯૮૧૯૯૦૪૩૧૧
દેવજી જેરામ પટેલ-વાંઢિયા, મો.: ૯૯૩૦૮૯૯૯૭૯
ખીમજી (ખાંખણ) મેઘજી કારીઆ - ભચાઉ, મો.: ૯૮૨૧૦૪૬૧૨૭
જીતુભાઈ શાંતિલાલ મહેતા - બેલા, મો.: ૭૦૨૧૯૨૫૯૫૧



## પત્રિકા સૌજન્ય

શ્રીમતી વિમળાબેન ખીમજી (ખાંખણ) મેઘજી કારીઆ - ગામ ભચાઉ

# શ્રી વાગડ કલા કેન્દ્ર-મુંબઈ

આયોજિત

# લોનાવાલા મધ્યે હેલ્થ કેમ્પ

## સોમવાર, તા. ૨-૩-૨૦૨૦ થી સોમવાર, ૯-૩-૨૦૨૦ (આઠ દિવસ)

## પહેલું સુખ તે જાતે નર્યા

મનુષ્ય પોતાના જીવનકાળ દરમિયાન ઘણી ઈચ્છાઓ અને અપેક્ષાઓ ધરાવે છે તેમાં મુખ્યત્વે જીવનમાં પૈસા કમાવવા, ઘણી બધી સંપત્તિનું સર્જન કરવું, સુખ સાહ્યબીનાં સાધનો વસાવવા અને જીવનનો આનંદ માણવો તેવી ઈચ્છા દરેક વ્યક્તિની હોય તે સ્વાભાવિક છે. જીવનમાં પૈસા કમાવવા અને તેના માટે જરૂરી પુરુષાર્થ કરવો તે ખૂબ જરૂરી પણ છે, પરંતુ તે પૈસા કમાવવાની આપણી આંધળી દોટમાં આપણે આપણા પરિવાર તથા આપણા સ્વાસ્થ્યની કાળજી રાખવી તે પણ તેટલી જ જરૂરી છે. જો પૈસા કમાવવા માટે આપણે આપણા સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહી સ્વાસ્થ્ય બગાડી કેટલીક બિમારીઓના ભોગ બનીએ તો તે પૈસા કમાવીને ઊભા કરેલા સુખ-સગવડનાં સાધનો આપણા માટે શું કામના? અને એટલે જ 'પહેલું સુખ તે જાતે નર્યા' અને Health is Wealth જેવી કહેવતોમાંથી આપણે બોધ લેવાની જરૂર છે. જો આપણી તંદુરસ્તી સારી હશે તો તે સૌથી મોટી સંપત્તિ છે અને તંદુરસ્તી સારી હશે તો જ આપે કમાવેલા પૈસા અને સંપત્તિનો ખરો આનંદ અને સુખ માણી શકશો અન્યથા મનગમતા સ્વાદિષ્ટ ભોજન કે મીઠાઈ પણ નહીં આરોગી શકશો અને જીવનમાં સ્વાસ્થ્યના સુખથી વંચિત રહેવાનો વારો આવશે.

**દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજના ભાઈ-બહેનો શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા સમર્થ બને એ માટે આઠ દિવસના હેલ્થ કેમ્પ આયોજન લોનાવાલા મધ્યે કરવામાં આવ્યું છે.**

**પ્રેક્ષાધ્યાનના ઉત્તમ શિક્ષક : શ્રી મિશ્રીમલજી ચૌધરી**

**યોગ અને એક્યુપ્રેશર નિષ્ણાંત : ભાવનાબેન છાડવા ● યોગ નિષ્ણાંત : કાન્તીભાઈ કારીયા**

### કેમ્પ ચાર્જીસ

| | |
|---|---|
| - A.C. રૂમ : એક રૂમમાં બે વ્યક્તિ | રૂા. ૭,૫૦૦/- વ્યક્તિદીઠ (ટોટલ રૂા. ૧૫,૦૦૦/-) |
| - A.C. રૂમ : એક રૂમમાં ત્રણ વ્યક્તિ | રૂા. ૬,૫૦૦/- વ્યક્તિદીઠ (ટોટલ રૂા. ૧૯,૫૦૦/-) |
| - Non A.C. રૂમ : એક રૂમમાં બે વ્યક્તિ | રૂા. ૬,૫૦૦/- વ્યક્તિદીઠ (ટોટલ રૂા. ૧૩,૦૦૦/-) |
| - Non A.C. રૂમ : એક રૂમમાં ત્રણ વ્યક્તિ | રૂા. ૫,૫૦૦/- વ્યક્તિદીઠ (ટોટલ રૂા. ૧૬,૫૦૦/-) |

### સ્થળ : શ્રી વાગડ જૈનમ આરોગ્યધામ લોનાવાલા

**સાધકોની સંખ્યા મર્યાદિત ૨૫ વ્યક્તિ વહેલો તે પહેલોના ધોરણે**

**ફોર્મ સંસ્થાની ઑફિસેથી મળશે. વિગતવાર ફોર્મ ભરી રજિસ્ટ્રેશન ફી સાથે સ્વીકારવાનું ચાલુ સોમવાર, તા. ૩-૨-૨૦૨૦**

ઑફિસ ટાઈમ : સવારે ૧૧થી ૧ બપોરે : ૨થી ૬

**સૂચનાઓ :- * આ કેમ્પમાં ભાગ લેવા માટેના ફોર્મ સંસ્થાની ઑફિસેથી મળશે. વિગતવાર ફોર્મ ભરી કેમ્પની ફી સાથે સ્વીકારવાનુ સોમવાર, તા. ૩-૨-૨૦૨૦થી ચાલુ થશે. * આ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતી સમાજની જે વ્યક્તિને આર્થિક રીતે રાહત જોઈતી હોય તેમણે સંસ્થાના પ્રમુખશ્રી જગશીભાઈ વેરશી દેઢિયાનો મો.: 98206 97658 ઉપર સંપર્ક સાધવો.**

* આ કેમ્પના ચાર્જિસમાં મુંબઈથી લોનાવાલા બસમાં જવા-આવવાનો, ત્યાં આઠ દિવસ રહેવાનો, દૂધ, નાસ્તો તેમજ જમવા સાથેના ખર્ચનો સમાવેશ કરવામાં આવેલ છે.

વધુ વિગત માટે સંપર્ક :- પ્રવિણ હિરજી નિસર મો. : 98690 44957 - ઓ. : 2882 4396 / 2883 4396

જગશીભાઈ વેરશી દેઢિયા મો.: 98206 97658 ● નાનજીભાઈ ભુરાભાઈ નંદુ : 83699 12138

DMC-41 AG

**કેમ્પ પૂરો થયા પછી તા. ૧૦-૩-૨૦૨૦ના ધૂળેટી દિવસે મુંબઈ પરત ફરીશું એની નોંધ લેવા વિનંતી**

જીવદયા એજ પ્રભુસેવા



# શ્રી ભચાઉ પાંજરાપોળ

સ્થાપના : સં. ૨૦૧૦ ટ્રસ્ટ રજી. નં. ઈ-૫૩ (ભુજ-કચ્છ)

## અનુદાન બદલ આભાર... અભિનંદન... ધન્યવાદ...



પિતાશ્રી ભારમલ મેપશી બુરીચા



માતુશ્રી રતનબેન ભારમલ બુરીચા

ખુશાલી સાથે જણાવવાનું કે ગામ લાકડીયા ના
માતુશ્રી રતનબેન ભારમલ મેપશી બુરીચા ના સુપૌત્ર અને
શ્રીમતી મંજુલાબેન ઉમરશી ભારમલ બુરીચા ના સુપુત્ર
ચિ. ડૉ. તેજ M.B.B.S. - M.S. Orthopedics ના શુભ લગ્ન પ્રસંગે
શ્રી ભચાઉ પાંજરાપોળ સંસ્થા ને ખોળાવિધીમાં માતબર રકમનું
અનુદાન આપવા બદલ સંસ્થા તેમનો હાર્દિક આભાર માને છે.




આપે શ્રી ભચાઉ પાંજરાપોળ ના મુંગા જીવો માટે અનુપમ અનુદાન આપી
આપે મેળવેલી લક્ષ્મીને સત્કાર્યમાં વાપરીને મહાલક્ષ્મી બનાવી છે.

ભવિષ્યમાં પણ આપશ્રી આજ પ્રમાણે સમાજ ઉપયોગી સત્કાર્ય કરતા રહો એવી અભ્યર્થના....

પરમાત્મા આપના પરિવારને વધુમાં વધુ સત્કાર્ય કરવા શક્તિમાન બનાવે તેમજ આપના પરિવારનું સ્વાસ્થ્ય નિરોગી અને આનંદમય બની રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના....

નવયુગલ ચિ. ડૉ. તેજ અને ચિ. ડૉ. શ્રેયા નું લગ્ન જીવન સુખમય, સમૃધ્ધીમય અને આનંદમય બની રહે તેવી પરમાત્મા પાસે હૃદયપૂર્વક પ્રાર્થના.

શ્રેષ્ઠ પુણ્યને પ્રાપ્ત કરવા દયા અને કરૂણાના ભગીરથ કાર્યો માં સહભાગી બનો એજ અભ્યર્થના...

લિ.: ટ્રસ્ટીશ્રીઓ

શ્રી ભચાઉ પાંજરાપોળમાં અનુદાન લખાવવા ઈચ્છુક પુણ્યશાળીઓએ સંપર્ક કરવો...

(૧) ટ્રસ્ટી શ્રી લખમશી કેશવજી વિસરીયા - મો.: 9820321888
(૨) ટ્રસ્ટી શ્રી લાલજી ખીરાભાઈ ખુથીયા - મો.: 9930541170
(૩) ટ્રસ્ટી શ્રી બાબુભાઈ રતનશી ખુથીયા - (સ્થાનીકે) મો.: 09879322928

(૪) ટ્રસ્ટી શ્રી ડી.ટી. નિસર
(૫) ટ્રસ્ટી શ્રી દેવજી કરસન છેડા
(૬) ટ્રસ્ટી શ્રી લક્ષ્મીચંદ દેવજી કારીઆ
(૭) ટ્રસ્ટી શ્રી અમરશી ડુંગરશી નિસર

DMC-42 N


Printed and Published by ADV. HASMUKHLAL VELJI SHAH (The Printer and Publisher) for SHRI WAGAD VISHA OSWAL CHOVISI MAHAJAN CHARITABLE TRUST (The Owner) Office : Shree Parimal - II, 103, 1st Floor, Daftary Road, Malad (E), Mumbai- 400 097. Printed at Dangat Media Pvt. Ltd. Office : 22 Dighe MIDC, TTC Industrial Area, Dighe, Navi Mumbai - 400 708. Editor : Dr. NAGJI KESHAVJI RITA